

પશ્ચિમ રેલવે

મટીરિયલ મેનેજમેન્ટ ડિપાર્ટમેન્ટ

ઈ-હરાજી વેચાણ કાર્યક્રમનો સુધારો

કૃપા કરી આ ઓફિસના ઈ-હરાજી વેચાણ જાહેરાત નં. S III/Auction Programme-1/October 2026, તા.: ૦૪/૦૯/૨૦૨૬માં, ઉપરોક્ત ઈ-હરાજી કાર્યક્રમમાં નીચે આપેલ સુધારો જારી કરવામાં આવે છે.

એમએમસીટી ડિવિઝન ખાતે ઓક્ટોબર-૨૦૨૬ માસમાં યોજાનાર તા. ૨૬.૧૦.૨૦૨૬ના રોજના ઈ-હરાજી વેચાણ કાર્યક્રમને પુનઃ નિર્ધારિત કરી તા. ૩૦.૧૦.૨૦૨૬ના રોજ કરવામાં આવેલ છે.

અન્ય તમામ નિયમો અને શરતોમાં કોઈ ફેરફાર નથી. વિસ્તૃત જાણકારી માટે કૃપા કરી પશ્ચિમ રેલવેના મટીરિયલ મેનેજમેન્ટ ડિપાર્ટમેન્ટની વેબસાઇટ www.wr.indianrailways.gov.in તથા www.ireps.gov.in ઈ-હરાજી પોર્ટલની મુલાકાત લો. 0727

અમને લાઈક કરો: facebook.com/WesternRly • અમને ફોલો કરો: twitter.com/WesternRly

મેટ્રો 50
50 સેકન્ડમાં પૂરા સમાચાર
સમાચારોનો નવો અંદાજ..
20 રિપોર્ટર 20 સમાચાર
માત્ર સંદેશ ન્યૂઝ પર
જુઓ દરરોજ રાત્રે 8.30 કલાકે
સંદેશ NEWS
તમારી સાથે સત્યની સાથે
sandeshnewspaper sandeshnews sandeshnews sandeshnewstv sandesh.com
GTPL 268 | TATA PLAY 1722 | DISH TV 1296 | AIRTEL TV 586 | VIDEOCON D2H 1645 | SITI 506 | DEN RAJKOT 586
DEN VADODARA 565 | DL SURAT 226 | JIO FIBER 1722 | NXT DIGITAL 186 | IN DIGITAL SURAT 582 | DD FREE DISH 120 | IN DIGITAL RAJKOT 576 | IN DIGITAL VADODARA 575

EFORU ENTERTAINMENT LIMITED PRESENTS
ARCHAN TRIVEDI | SHREY MARADIYA | AANCHAL SHAH
RISHI JANI | PARTH MODI | KETAN THAKKAR | HETAL BAROT
A GUJARATI FILM
ચોર નં:1
A FILM BY RAKESH SHAH & TEAM
WRITTEN & DIRECTED BY : RAKESH SHAH
PRODUCERS : PRASHANT MODI, AMIT VEDAWALA, PINKI VEDAWALA
IN CINEMAS NOW
ASSOCIATE PRODUCER : SHRENIK SHAH LYRICIST : KIRAN PARIHAR DIRECTOR OF PHOTOGRAPHY : NASIR KHAN
MUSIC DIRECTOR : MAULIK MEHTA DIALOGUES : KAPIL SANETYA SINGER : UMESH BAROT, MEET MEHTA, MAULIK MEHTA
BACKGROUND MUSIC : AYAAN MAKWANA EXECUTIVE PRODUCER : ANKITA JIYANI CASTING DIRECTOR : LAUKIK MANDGE
PRODUCTION MANAGER : DIVYANG AHIR POST PRODUCTION : GS MODERN MOVIES, MUMBAI MAKEUP : KRISHNA PADHIYAR
COSTUME : ISHA NAGAR LIGHTS : MILAN LIGHTS DUBBING : CREATIKA STUDIO VISUAL PROMOTION : PARTH BHATT
PUBLICITY DESIGN : AJAY CHANCHADIYA DIGITAL PARTNER : BLOW HORN MEDIA PR : SETU MEDIA
MARKETING AGENCY : WISE MONKEY CONCEPT DISTRIBUTOR : RUPAM ENTERTAINMENT
Rupam

શાળા પ્રવેશ અને વીડિયોગ્રાફી અંગેના પરિપત્ર સામે વિરોધ

સ્કૂલોમાં જર્જરિત ઓરડાની અછત જેવા પ્રશ્નોથી બચવા રાજ્ય સરકારની પાબંદી

। અમદાવાદ ।

ગુજરાતની સરકારી શાળાઓમાં પ્રવેશ, ફોટોગ્રાફી, વિડિયોગ્રાફી અને બહારની વ્યક્તિઓની મુલાકાત અંગે રાજ્યના શિક્ષણ વિભાગ દ્વારા બાળકોની સુરક્ષાના નામે બહાર પાડવામાં આવેલો પરિપત્ર ઘણો જ ગંભીર છે, આ સંદર્ભે ગુજરાત કોંગ્રેસે દાવો કર્યો છે કે, શાળાઓની વાસ્તવિક સ્થિતિ સામે લાવતાં નાગરિકો પર નિયંત્રણો લાદવાનો આ પ્રયાસ છે. સરકારી શાળાઓ કોઈ રાજકીય પક્ષની ખાનગી જાગીર નથી, તે જનતાના કરવેરાના નાણાંથી ચાલતી જાહેર સંસ્થાઓ છે. શાળાઓમાં શિક્ષકોની અછત, જર્જરિત ઈમારતો, વર્ગખંડોની અછત, ગંદા શૌચાલયો, પીવાના પાણીની સમસ્યા અને મધ્યાહ્ન ભોજનની ગુણવત્તા જેવા પ્રશ્નો સામે આવે ત્યારે સરકાર જવાબદારી સ્વીકારવાને બદલે કેમેરા અને નાગરિકોની નજર પર નિયંત્રણ મૂકવા કેમ ઉત્સુક બને છે? સરકારનો પ્રથમ ધર્મ શાળાઓની સ્થિતિ સુધારવાનો છે, નહીં કે શાળાઓની સ્થિતિ જાહેર કરનારાઓને અટકાવવાનો. ગુજરાતમાં અંદાજે ૪૦ હજાર શિક્ષકોની જગ્યાઓ લાંબા સમયથી ખાલી હોવાનો મુદ્દો ગંભીર છે.

ગુજરાતમાં આશરે ૪૨૦૦૦ જેટલા જર્જરીત ઓરડા છે, વર્ગખંડોની અછત અંગે પણ વારંવાર સવાલો ઊઠ્યા છે. રાજ્યમાં આશરે ૩૦૦૦ શાળાઓ એક જ શિક્ષકના સહારે ચાલે છે અને તેમાં ૮૦ હજારથી વધુ બાળકો અભ્યાસ કરે છે. બીજી તરફ ગુજરાતની ૧૪,૫૯૨ શાળાઓમાં એકથી વધુ ધોરણના વિદ્યાર્થીઓ સાથે અભ્યાસ કરવાની ફરજ પડી રહી છે જે ચિંતાજનક છે. જો આ આંકડાઓ અંગે સરકાર પાસે અલગ માહિતી હોય, તો સરકારે પ્રતિબંધો લાદવાને બદલે સત્તાવાર આંકડા અને શાળાવાર વિગતો જાહેર કરવી જોઈએ. એક તરફ શિક્ષકોને ૯૦ થી વધુ બિનશૈક્ષણિક કામગીરી સોંપવામાં આવે છે, શિક્ષક ભરતીમાં વિલંબ થાય છે અને અનેક શાળાઓમાં પાયાની સુવિધાઓનો અભાવ હોવાની ફરિયાદો છે. આ પરિસ્થિતિમાં પ્રશ્ન થાય છે કે સરકારને બાળકોના ભવિષ્યની ચિંતા વધારે છે કે પોતાની નિષ્ફળતા જાહેર થઈ જવાની ચિંતા? સરકારના પરિપત્રની કાયદેસરતા અને તેની મર્યાદાઓ અંગે પણ સ્પષ્ટતા જરૂરી છે. સરકાર આ પરિપત્રની તાત્કાલિક સમીક્ષા કરે તેવી માગ કરાઈ છે.

દારૂનું કટિંગ પકડવા ગયેલી SMCની ટીમ પર હુમલો

દારૂ ભરેલી કારને રોકવા ઈન્દીરાબ્રીજ પાસે પોલીસનું ફાયરિંગ, આરોપી ફરાર

। અમદાવાદ ।

શહેરમાં કડક દારૂબંધીના દાવા વચ્ચે શાહિબાગ અને અસારવા વિસ્તારમાં વિદેશી દારૂનું કટિંગ કરી રહેલા બુટલેગર અનુપ ઉર્ફે મેકો ચૌહાણ ને પકડવા સ્ટેટ મોનિટરિંગ સેલની ટીમે વહેલી સવારે દરોડો પાડ્યો હતો. આ કાર્યવાહી દરમિયાન બુટલેગરે પોલીસ ટીમ પર કાર ચઢાવવાનો પ્રયાસ કરતાં સ્વબચાવમાં પોલીસે ૧ રાઉન્ડ ગોળીબાર કર્યો હતો. એસએમસીએ અસારવા પાસે વહેલી સવારે એક કારને રોકીને નીચે ઉતરવા જણાવ્યું હતું, પરંતુ આરોપીએ ગાડી ઊભી રાખવાને બદલે પૂરઝડપે હંકારી મૂકી હતી. પોલીસથી બચવા બુટલેગરે કાર ડફનાળાથી ઈન્દીરાબ્રીજ તરફ ભગાવી હતી.કાર ઈન્દિરાબ્રિજ સર્કલ નજીક પહોંચતા બુટલેગરે પોલીસ પર ગાડી ચઢાવવાનો પ્રયાસ કરતાં એસએમસીની ટીમે સ્વબચાવમાં ૧ રાઉન્ડ ફાયરિંગ કર્યું હતું. જોકે આરોપી પોલીસને હાથતાળી આપી ફરાર થઈ ગયો હતો. આ મામલે એસએમસીએ એરપોર્ટ પોલીસ મથકે બુટલેગર સામે હત્યાના પ્રયાસની ફરિયાદ નોંધાવી છે.

સિવિલમાં મહિલાના પિત્તાશયમાંથી ૪૦૦ પથરી કઢાઈ

અમદાવાદ । અમદાવાદ સિવિલ હોસ્પિટલના જનરલ સર્જરી વિભાગના તબીબોએ એક જટિલ કિસ્સામાં ૩૧ વર્ષીય મહિલા દર્દીની લેપ્રોસ્કોપિક પદ્ધતિથી સફળ સર્જરી પૂર્ણ કરી છે. પિત્તાશયમાં ગંભીર સોજો, પરુ અને આસપાસના અંગો સાથે ગાઢ જોડાણ જેવી વિષમ પરિસ્થિતિ હોવા છતાં તબીબોએ દૂરબીનની મદદથી પિત્તાશય દૂર કરી તેમાંથી ૬૦થી ૭૦ મિલી પરુ તેમજ ૪૦૦ જેટલી નાની પથરીઓ બહાર કાઢી છે. સર્જરી દરમિયાન પડકાર એ હતો કે પિત્તાશયમાં અતિશય સોજો હોવાને કારણે તે આંતરડા સાથે ગાઢ રીતે ચોંટી ગયેલું હતું. પિત્તાશયની નળી અને રક્તવાહિનીને ક્લિપ કરીને લેપ્રોસ્કોપિક પદ્ધતિથી પિત્તાશય સુરક્ષિત રીતે બહાર કાઢવામાં આવ્યું હતું. પિત્તાશયમાંથી કુલ ૪૦૦ પથરી અને ૬૦ થી ૭૦ મિલી પરુ નીકળ્યું હતું.

ઉત્તર મધ્ય રેલવે

ન. RS/Mech/Better OBHS/PRYJ/26 તારીખ : ૧૯.૧૦.૨૦૨૬

વિશેષ મર્યાદિત ઈ-ટેન્ડર નોટિસ

ભારતના રાષ્ટ્રપતિ માટે અને વતિ સિનિયર ડિવિઝનલ મિકેનિકલ એન્જિનિયર (કોચિંગ), પ્રયાગરાજ, ઉત્તર મધ્ય રેલવે દ્વારા ઉત્તર મધ્ય રેલવે (NCR)ના અધિકૃત ઠેકેદારોની મંજૂર યાદીમાં સૂચિબદ્ધ પેઢીઓ પાસેથી, જે હે.ક્વા./એનસીઆર પત્ર નંબર ઇઓઆઇ નોટિસ નં. Reform/OBHS/2026/02 તારીખ ૨૦.૦૭.૨૦૨૬ દ્વારા જારી કરવામાં આવેલ, તેમજ તારીખ ૦૬.૦૮.૨૦૨૬ ના સમાન નંબરના પત્ર દ્વારા બહાર પાડવામાં આવેલ સુધારા સહિત, નીચે આપેલ કામ માટે, આઇઆરઇપીએસ વેબસાઇટ પર ટેન્ડર બંધ થવાની નિર્ધારિત તારીખ અને સમય સુધી નિર્ધારિત ફોર્મમાં સ્પેશિયલ લિમિટેડ ઇ-ટેન્ડરો આમંત્રિત કરે છે.

સ્પેશિયલ લિમિટેડ ઇ-ટેન્ડર નોટિસ નંબર: NCR-M-OBHS-EOI-26-02 તારીખ- ૧૯.૧૦.૨૦૨૬

કામનું નામ : બે વર્ષ (૭૩૦ દિવસ)ના સમયગાળા માટે સૂચિબદ્ધ પેઢીઓ દ્વારા પીઆરવાયજે ડિવિઝન, ઉત્તર મધ્ય રેલવેની નિર્ધારિત ટ્રેનોમાં બેટર ઓન-બોર્ડ સર્વિસીસ (ઓબીએચએસ અને લિનેન વિતરણ)

ટેન્ડર પ્રણાલી : એકલ પેકેટ પ્રણાલી	ટેન્ડર મૂલ્ય : રૂ. ૪૫,૬૨,૫૨,૯૩૦.૯૧
ઈએમડી : રૂ. ૨૪,૩૧,૩૦૦.૦૦	ટેન્ડર ફોર્મનું મૂલ્ય : નિલ

કામનો સમયગાળો : ૦૨ વર્ષ

IREPS વેબસાઇટ પર પ્રકાશિત કરવાની તારીખ: ૧૯.૧૦.૨૦૨૬

બિડ બંધ થવાની તારીખ/સમય: ૧૦.૧૧.૨૦૨૬ ના રોજ ૧૫:૦૦ કલાકે

ઉપરોક્ત સ્પેશિયલ લિમિટેડ ઇ-ટેન્ડરની ટેન્ડર પુસ્તિકા સહિતની સંપૂર્ણ માહિતી આઈઆરઈપીએસ વેબસાઇટ www.ireps.gov.in પર ઉપલબ્ધ છે. 2396/26 (PH)

North central railways @CPRONCR www.ncr.indianrailways.gov.in

DEFENCE INSTITUTE OF ADVANCED TECHNOLOGY

(Deemed to be University U/s 3 of UGC Act, 1956),
Girinagar, Pune - 411 025.

Advt No: DIAT/F/ACAD/PHD/2026-01

Ph.D. ADMISSION NOTICE: JANUARY-2027

Defence Institute of Advanced Technology is an autonomous Institution, fully funded by the Department of Defence Research & Development, Ministry of Defence, established with the objective of imparting Post Graduate Education in Engineering and Applied Sciences on thrust area relevant to Defence, Industries, R&D and also to conduct research in the Core areas of Defence Technologies. DIAT invites applications for the **Ph.D. programme** under Institutional Scholarship Category, in Engineering and Applied Sciences Departments. Details of Programmes, Application form, other terms & conditions are available at **www.diat.ac.in**.

In addition to the above, Industry Sponsored / Industry Self-Sponsored candidates, R & D Govt. Organisations, Tri-Services, DPSU's, Project Staff from DRDO Laboratories & DIAT (JRF/SRF/PA) & Candidates with CSIR-NET, DST, UGC-NET or any other National Fellowship / Scholarship available to them are also eligible to apply for Ph. D. admission.

Aspiring candidates may apply for admission to Ph.D. programme. Hard copy of the application along with relevant documents must reach to Joint Registrar (Academics), DIAT (DU) Girinagar, Pune-411025 latest by **1730 hours on or before 27 Nov. 2026.**

POST-DOCTORAL FELLOWSHIP AT DIAT (DU) – 2027

DIAT invites applications for the Post-Doctoral Fellowship-2027. Eligible candidates may apply for the position of Postdoctoral Fellow. The application should be submitted to the Joint Registrar (Academics), DIAT (DU), Girinagar, Pune-411025, on or before 27 Nov 2026.

Application form, other terms & conditions are available at **www.diat.ac.in.**

15th INDIA INDUSTRIAL FAIR UDYAM 2026
लघु उद्योग भारती
આજે શુભારંભ
ગુજરાતના ઉદ્યોગોને મળશે વિકાસનું નવું આંગણું!
ઉત્પાદકો, ઉદ્યોગકારો, વેપારીઓ અને ટેક્નોલોજી ક્ષેત્રના અગ્રણીઓ માટે એક વિશાળ ઔદ્યોગિક પ્રદર્શન.
23 24 25 26 ઓક્ટોબર, 2026
હેલિપેડ ગ્રાઉન્ડ, ગાંધીનગર.
નવા ગ્રાહકો અને બિઝનેસ પાર્ટનર્સ સાથે જોડાવાની તક મેળવો.
પ્રવેશ નિઃશુલ્ક
આજે જ વિઝિટર રજિસ્ટ્રેશન કરાવો.
LUBINDIAEXPO.COM
INNOVATION
MANUFACTURING
TECHNOLOGY
BUSINESS
GROWTH
Digital partner Seawind Solution Pvt. Ltd.

હોસ્પિટલોમાંથી ૯ લાખ બિનઉપયોગી વસ્તુઓનો નિકાલ

અમદાવાદ । રાજ્યની સરકારી હોસ્પિટલો, આરોગ્ય સંસ્થાઓમાં સ્વચ્છતા અભિયાન અંતર્ગત ૯ લાખથી વધુ બિનઉપયોગી વસ્તુઓ દૂર કરાઈ છે, જેના પરિણામે સરકારી હોસ્પિટલ, આરોગ્ય કેન્દ્રો અને અન્ય આરોગ્ય સંસ્થાઓમાં અંદાજે ૧,૮૦૦ રૂમ જેટલી જગ્યા ખાલી થઈ છે. લાંબા સમયથી બિનઉપયોગી હાલતમાં પડેલી વિવિધ સામગ્રીનો નિકાલ કરવામાં આવ્યો હતો. તેમાં તૂટેલી ટાઈલ્સ, કાચની બારીઓ, પાઈપલાઈન, છૂટા વાયર, ટ્યુબલાઈટ, પંખા, એરકન્ડિશનર, જૂનું ફર્નિચર, કમ્પ્યુટર, પ્રિન્ટર સહિતની વસ્તુઓનો સમાવેશ થાય છે.

AMCમાં ૧૮૦ પટાવાળા આઉટસોર્સિંગથી લેવા સ્ટેન્ડિંગ કમિટી મજબૂર

અમદાવાદ । મ્યુનિસિપલ સેક્રેટરી સહિત વિવિધ વિભાગોમાં પટાવાળાની ખાલી પડેલી ૩૬૭ પૈકી ૧૮૦ જગ્યા આઉટસોર્સિંગથી ભરવા સ્ટેન્ડિંગ કમિટીએ ત્રણ મહિનામાં નવેસરથી ટેન્ડર કરવાના સુધારા સાથે મંજૂરી આપી છે. સ્ટેન્ડિંગ કમિટી ચેરમેનના જણાવ્યા અનુસાર, હાલ પૂરતી ત્રણ એજન્સીઓ પાસેથી ૬૦-૬૦ કર્મચારી લેખે મેનપાવર મેળવવામાં આવશે. વાર્ષિક રૂ. ૧૮,૫૧૦ કરોડનું જંગી બજેટ ધરાવતા મ્યુનિસિપલ કોર્પોરેશનમાં પટાવાળા પણ આઉટસોર્સિંગથી લેવા પડે એ હદ સુધીની પરિસ્થિતિ આવી ગઈ છે. ત્રણ મહિનાની અંદર નવેસરથી મેનપાવર મેળવવા માટે ટેન્ડર કરવાનું રહેશે.

સુરત વન વિભાગ સુરત

ટેન્ડરની જાહેર નિવિદા

TENDER NOTICE NUMBER: DCFSUR/TENDER/11/2026-27

આથી ગુજરાત સરકારશ્રીના માર્ગ અને મકાન વિભાગ તથા તેને સમકક્ષ નોંધાયેલ ઇજારદારો/એજન્સીઓ પાસેથી નીચેના કોષ્ટકમાં જણાવેલ વિગત મુજબના ટેન્ડરની કામગીરીમાં રસ ધરાવતા ઇજારદારો/એજન્સીઓને બીડમાં ભાગ લેવા માટે આમંત્રિત કરવામાં આવે છે.

Tender No.	Name of Work	Estimate Amount	Tender EMD	Tender Fee	Class of registration
1	RETROFITTING WORK OF VAN BHAVAN OFFICE BUILDING AT ADAJAN IN SURAT.	16630942.00	499000.00	3600.00	"B" Class & above

ઉક્ત કામના ટેન્ડર દસ્તાવેજો તારીખ ૨૩/૧૦/૨૦૨૬ થી તારીખ ૧૨/૧૧/૨૦૨૬ દરમિયાન ૧૮.૦૦ કલાક સુધી tender.nprocure.com ની વેબસાઇટ ઉપર ઓનલાઈન ભરી શકાશે તથા સદરહુ ટેન્ડર દસ્તાવેજની કોપી નીચે જણાવેલ સરનામે દસ્તાવેજ સબમીશન તારીખ ૧૮/૧૧/૨૦૨૬ ના રોજ ઓફિસ સમય દરમ્યાન ટેન્ડરના ભૌતિક દસ્તાવેજો તથા ડી.ડી. સહીતની કોપીનું સીલ બંધ કવર અત્રે R.P.A.D./Speed Post થી મોકલવાના રહેશે અને કવર ઉપર ટેન્ડરની સંપૂર્ણ વિગત, મોકલનારનું નામ અને સરનામું ખાસ લખવાનું રહેશે અને અધુરી કવરનોટ વાળા બીડરના કવરને ગ્રાહ્ય રાખવામાં આવશે નહી.

સરનામું:
નાયબ વન સંરક્ષકશ્રીની કચેરી, સુરત વન વિભાગ, સુરત
'વન ભવન' ગ્રાઉન્ડ ફ્લોર,
ગંગેશ્વર મહાદેવ મંદિર રોડ ડી-માર્ટની સામે અડાજણ,સુરત-૩૯૫૦૦૯.
ફોન નં.: ૦૨૬૧-૨૭૩૩૮૨૫

સહી/-
નાયબ વન સંરક્ષક સુરત.

ક્રમાંક : માહિતી-સુરત/૭૮૨/૨૦૨૬

ગુજરાત લાઈવલીહૂડ પ્રમોશન કંપની લિ.
(ગ્રામ વિકાસ વિભાગ, ગુજરાત સરકાર)
લખપતિ દીદી સશક્તિકરણ યોજના
0% વ્યાજે બેંક ધિરાણ
હવે, સખી મંડળમાં જોડાઈને ગ્રામીણ બહેનોને મળશે આજીવિકાની નવી તક
પ્રિઅપ્રુવડ 45 જેટલા આજીવિકાલક્ષી બેન્કેબલ પ્રોજેક્ટ્સ માટે બેંક દ્વારા મળશે લોન માટેની તાત્કાલિક મંજૂરી
SBI
Bank of Baroda
pnb
Central Bank of India
ICICI Bank
યોજનાનો લાભ લેવા માટેના માપદંડો
સખી મંડળની બહેનો અરજી કરી શકશે.
18 વર્ષથી વધુની ઉંમરની સખી મંડળની ગ્રામીણ બહેનો અરજી કરી શકશે.
આજીવિકાલક્ષી પ્રવૃત્તિઓમાં જોડાયેલ હોય અથવા જોડાવા માંગતી હોય તેવી ગ્રામીણ મહિલાઓ અરજી કરી શકશે.
યોજનાની વિગતવાર માહિતી, પાત્રતા તથા આજીવિકા આધારિત પ્રોજેક્ટોની વિગતો જાણવા માટે વિઝિટ કરો
www.glpc.co.in
ફોન 079-232-48512 પરથી માહિતી મેળવો
જિલ્લા ગ્રામ્ય વિકાસ એજન્સીનો સંપર્ક કરો (સંબંધિત જિલ્લા)
ગુજરાત લાઈવલીહુડ પ્રમોશન કંપની લી. (GLPC)
ત્રીજો માળ, બ્લોક નંબર-18, ઉદ્યોગ ભવન, સેક્ટર-૧૧, ગાંધીનગર-382011
માહિતી/૧૬૯૬/૨૦૨૬-૨૭

बैंक ऑफ़ इंडिया
Bank of India BOI
Relationship beyond banking

બેંક ઓફ ઈન્ડિયા

અમદાવાદ ઝોનલ કાર્યાલય, રીકવરી ડીપાર્ટમેન્ટ,
છઠ્ઠો માળ, બેંક ઓફ ઈન્ડિયા બિલ્ડીંગ, ભદ્ર, અમદાવાદ. ફોન : ૦૭૯ - ૬૬૧૨૨૫૨૮, ૬૬૧૨૨૫૩૦

ઈ-હરાજી થી મિલકતોની વેચાણ નોટીસ

જંગમ / સ્થાવર મિલકતોના વેચાણ માટેની નોટીસ

ઈ-હરાજીની તારીખ અને સમય : ૧૨.૧૧.૨૦૨૬, સવારે ૧૧ :૦૦ થી ૬:૦૦ વાગ્યા સુધી બીડ બંધ થવાના ૧૦ મીનીટ પહેલા કોઈ પ્રસ્તાવ આવે તો સમય આપોઆપ વધારાના કલોઝ સાથે નીચે જણાવેલ તમામ મિલકત માટે

સિક્યુરીટાઈઝેશન એન્ડ રીકન્સ્ટ્રકશન ઓફ ફાઈનાન્સિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યુરીટી ઈન્ટરેસ્ટ એક્ટ, ૨૦૦૨ સાથે વંચાણે લેતા સિક્યોરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) નિયમો ૨૦૦૨ની જોગવાઈઓ રૂલ ૮(૬) સ્થાવર, રૂલ ૬(૨) મિલકતો માટે ની ઈ-હરાજી થી વેચાણની નોટીસ

આથી સામાન્ય રીતે જાહેર જનતાને અને વિશેષરૂપથી ઉધારકર્તા(ઓ) અને જામીનકર્તા(ઓ) ને જણાવવામાં આવે છે કે નીચે દશાવેલ (સ્થાયી અને અસ્થાયી મિલકતો) જે બેંક ઓફ ઈન્ડિયા (સિકયોર્ડ કેડીટર્સ) માં મોર્ગેજ / હાઈપોથીકેટેડ / ચાર્જડ / ગીરવે મુકેલ છે, જેનો પ્રત્યક્ષ/સાંકેતીક કબ્જો બેંક ઓફ ઈન્ડિયાના (સિકયોર્ડ કેડીટર) અધિકૃત અધિકારી દ્વારા લઈ લીધેલ છે. જેનું "જ્યાં છે.", "જેમ છે" અને "જે રીતે છે"ની પરિસ્થિતિમાં તા. ૧૨.૧૧.૨૦૨૬ ના રોજ હરાજી કરવામાં આવશે.

જંગમ / સ્થાવર મિલકતોનો બોજા જાણમાં નથી

૧	**મેસર્સ લાઈટબ્રિક બિલ્ડ એલએલપી, શ્રી હિતેશ બી. પંચાલ, શ્રી ચિમનભાઈ સી. પોકલ, શ્રી રાયસિંહ બી. પટેરિયા, શ્રી હિતેન્દ્રસિંહ આર. પટેરિયા, મેસર્સ લાઈટબ્રિક બિલ્ડ એલએલપી** નોટીસમાં જણાવેલ રકમ રૂા. ૨૭,૧૮,૬૪,૪૨૪.૧૧/- અને વધારાનું વ્યાજ તેના ઉપરનું, કોસ્ટ વગેરે. **અધિકૃત અધિકારી - શ્રી પ્રહલાદ પંડિત. અમદાવાદ રિકવરી શાખા, અમદાવાદ. મો. ૯૮૫૩૦૭૭૭૨**	લોટ ૧: સ્થાવર મિલકત આવેલ બિનખેતીલાયક ઔદ્યોગિક હેતુસરની જમીન જે આવેલ સબ પ્લોટ નં. બી, આવેલ પ્લોટ એરિયા ક્ષેત્રફળ ૧૦૩૧૭.૧૧ સ્ક્વેર મીટર્સ ક્ષેત્રફળ ૨૬૩૪.૮૯ સ્ક્વેર મીટર્સ સાથે અવિભાજીત વણવેચાયેલ ભાગ કોમન રોડ, કોમન પ્લોટ વગેરેમાં કુલ પ્લોટ એરિયા ક્ષેત્રફળ ૧૨૯૫૨ સ્ક્વેર મીટર્સ એટલે કે ક્ષેત્રફળ ૧૫૪૯૦.૫૮ સ્ક્વેર યાર્ડ્સ આવેલ નવો રેવન્યુ સર્વે / બ્લોક નં. ૬૦૫ (જૂનો રેવન્યુ સર્વે / બ્લોક નં. ૧૪૦) (ખાતા નં. ૬૦૪) ક્ષેત્રફળ ૪૩૦૪૫ સ્ક્વેર મીટર્સ પૈકી, મોજે આદરોડા ખાતે આવેલ અને સ્થિત, તાલુકા બાવળા રજીસ્ટ્રેશન ડિસ્ટ્રિક્ટ અમદાવાદ અને સબ ડિસ્ટ્રીક્ટ બાવળા ખાતે આવેલ સમગ્ર મિલકત જેની ચતુંઃસીમા: પૂર્વે: કેનાલ રોડ, પશ્ચિમે: ૧૮ મીટર્સ આંતરિક રોડ બાદમાં સર્વે / બ્લોક નં. ૬૦૫નો સબ પ્લોટ નં. એ, ઉત્તરે: સબ પ્લોટ નં. એ નો ૧૨ મીટર પહોળો અને ૧૦૦ મીટર લાંબો રોડ બાદમાં સર્વે / બ્લોક નં. ૬૧૬, દક્ષિણે: કેનાલ રોડ / આંતરિક રોડ. **(આ મિલકત પ્રત્યક્ષ કબજા હેઠળ છે.)**	રૂા. ૯,૦૦,૦૦,૦૦૦/-	રૂા. ૯૦,૦૦,૦૦૦/-
	લોટ ૨: મેસર્સ લાઈટબ્રિક બિલ્ડ એલએલપીની માલિકીની રેવન્યુ સર્વે ૬૦૫ ખાતે આવેલ તમામ પ્લાન્ટ અને મશીનરી (બી) કપિલ એગ્રો પાસે, રાધે ફાર્મ સામે, આદરોડા ગામ રોડ, બાવળા, અમદાવાદ – ૩૮૨૨૨૦ ક્ષેત્રફળ ૧૨૯૫૨ સ્કે.મી. **મશીનરીનું વર્ણન નીચે પ્રમાણે છે:** (1) Pond Ash and Sand Preparation (2) Raw Material Storage Section (3) Batching & Mixing Plant (4) Casting Section (5) Cutting Machine with Hydraulic Power Pack (6) Palletizing Section (7) Phneumatic Conveying System with Air Compressor, Inter Connection Chutes / Pipes (8) RO Plant for Boiler (9) Fork Lift (10) Loader (11) D G Set (11) Other Hand tools and Misc. items. **(આ મિલકત પ્રત્યક્ષ કબજા હેઠળ છે.)**		રૂા. ૧૮,૫૦,૦૦,૦૦૦/-	રૂા. ૧,૮૫,૦૦,૦૦૦/-
	લોટ ૩: સંયુક્ત લોટ (ફેક્ટરી જમીન અને બિલ્ડિંગ અને પ્લાન્ટ અને મશીનરી) : ફેક્ટરી જમીન અને બિલ્ડિંગ અને પ્લાન્ટ અને મશીનરી જે રેવન્યુ સર્વે ૬૦૫ (બી) ખાતે આવેલ, કપિલ એગ્રો પાસે, રાધે ફાર્મ સામે, આદરોડા ગામ રોડ, બાવળા, અમદાવાદ – ૩૮૨૨૨૦ ક્ષેત્રફળ ૩૮૨૨૨૦ ક્ષેત્રફળ ૧૨૯૫૨ ચો.મી. માલિક: મેસર્સ લાઈટબ્રિક બિલ્ડ એલએલપી. **(આ મિલકત પ્રત્યક્ષ કબજા હેઠળ છે.)** **નોંધ:** (૧) લોટ નં. ૧ નું વેચાણ ફક્ત ત્યારે જ કન્ફર્મ કરવામાં આવશે જો લોટ નં. (૨) માટે બોલી સફળ થશે. (૨) જો લોટ નં. ૧, (૨) અને (૩) માટે બોલીઓ પ્રાપ્ત થાય તો લોટ નં. (૩) માટેની બોલી અને બીજી બાજુ સામુહિક રીતે લોટ નં. (૧) અને (૨) માટેની બોલીમાંથી ઉચ્ચ બોલીને પ્રથમ પ્રાથમિકતા રહેશે.		રૂા. ૨૭,૫૦,૦૦,૦૦૦/-	રૂા. ૨,૭૫,૦૦,૦૦૦/-
	વેચાણની બાકી રકમ જમા કરવા માટે : RTGS / NEFT / ફંડ ટ્રાન્સફર ક્રેડીટ દ્વારા ખાતા નં. **A/c : No. 205490200000033**, બેંક ઓફ ઈન્ડિયા, અમદાવાદ રિકવરી શાખા, અમદાવાદ. **IFSC Code : BKID0002054**			

ઉપરોક્ત જણાવેલ મિલકતના નિરીક્ષણની તારીખ અને સમય : તા. ૦૩.૧૧.૨૦૨૬ ના બપોરે ૧૨.૦૦ થી ૩.૦૦ કલાકે

નિયમો અને શરતો :- (૧) ઈ-હરાજી પીએસબી એલાઉન્સ દ્વારા વેબસાઈટ https://baanknet.com/ દ્વારા હાથ ધરવામાં આવે છે. (૨) હરાજીમાં ભાગ લેવા માટે બિડરોએ પોતાનું નામ, સરનામું સહિત સાચી અને સંપૂર્ણ માહિતી પૂરી પાડીને વેબસાઈટ પર પોતાની નોંધણી કરાવવાની રહેશે. સંપર્ક વિગતો અને અન્ય જરૂરી દસ્તાવેજો. (૩) બિડર પાસે માન્ય પાન કાર્ડ અને આધાર કાર્ડ હોવું ફરજીયાત છે. (૪) સફળ રજીસ્ટ્રાર બિડરે દરેક મિલકત માટે ઉલ્લેખિત અર્નેસ્ટ મની ડિપોઝીટ (ઈએમડી) જમા કરાવવાની રહેશે. અસફળ બિડરોને હરાજી બાદ ઈએમડી પરત કરવામાં આવશે. (૫) બિડર્સ નિર્દિષ્ટ હરાજી સમયગાળા દરમ્યાન મિલકત પર બિડ કરી શકે છે. (૬) હરાજીના સમયના અંતે સૌથી વધુ બોલી લગાવનાર સફળ બિડર હશે અને સૌથી મોટું ટેન્ડર ભરનારને હરાજી દરમિયાન સફળ ખરીદનારે ગણી બેંક ઓફ ઈન્ડીયાના અધિકૃત અધિકારી પાસેથી મંજુરી મેળવી ઈલેક્ટ્રોનીક મોડ દ્વારા જાણ કરવામાં આવશે. સફળ ખરીદનારને ખરીદી કિંમતની ૨૫% રકમ તે જ દિવસે અથવા પછીના કામકાજના દિવસે ઈએમડી સાથે ભરવાની રહેશે. બાકી રકમ વેચાણ નક્કી થવાના દિવસ-૧૫માં ભરપાઈ કરવાની રહેશે. જો આમ દર્શાવેલ સમય ગાળામાં ભરપાઈ કરવામાં નહી આવે તો બેંક ઈએમડી તથા જમા કરાવેલ ડીપોઝીટ સરભર કરવાની હકદાર રહેશે. પેમેન્ટ ચુકવવામાં નિષ્ફળ થાય બીજા સૌથી ઉંચી રકમનું ટેન્ડર આપનારને પુનઃ વેચાણ કરી નાખવામાં આવશે. જે સંદર્ભે પહેલ ખરીદનારને કોઈ વાંધો, વિરોધ કરવાનો રહેશે નહી. ખરીદેલ મિલકત પર બીજા કોઈ પણ બાકી લેણાં ખરીદનારને ચુકવવાના રહેશે. (૭) જો કોઈપણ કારણસર હરાજી ન થાય અથવા થાય, તો તેવા સમયે ઉદભવતા આકસ્મીક ખર્ચા જો બીડર/ખરીદનાર તેવા સમયે કોમ્પોઝીશનનો કે ડેમેજના વરતળ માટેનો કલેમ ના કરે તો તે બીડરે ભોગવવાના રહેશે. (૮) ઈચ્છુક પાર્ટીઓએ / રસ ધરાવતા બિડરોએ વધારાની વિગત માટે અધિકૃત અધિકારી બેંક ઓફ ઈન્ડીયાનો સંપર્ક કરવો. (૯) બેંકના અધિકૃત અધીકારી દ્વારા વેચાણ હરાજી માટેનો લેવાયેલો નિર્ણય ફાઈનલ પ્રશ્નાર્થ વગરનો રહેશે. બેંકના અધિકૃત અધિકારી દ્વારા વેચાણ કેન્શલ કરવું અથવા કોઈપણ ફેરફાર કરવાનો હકક રહેશે. (૧૦) કુલ મિલકતની કિંમત ચુકવ્યા પછી તેમજ વેચાણ માટેની બધી જ ફોર્માલીટી પૂર્ણ કર્યા બાદ, વેચાણ કાર્યવાહી પુરી થયે સરફેસી કાયદા મુજબ ખરીદનારને વેચાણ સર્ટીફીકેટ આપવામાં આવશે. તથા જુના અને હાલના અગાઉના / ભવિષ્યના તમામ ટેક્સ, અને સ્ટેમ્પ ડયુટી, રજીસ્ટ્રેશન ચાર્જીસ તેમજ ખર્ચ સર્ટીફીકેટ ખર્ચ મેળવવાની સાથે ચુકવવાના રહેશે. (૧૧) સીકયુરીટી ઈન્ટરેસ્ટ એન્ફોર્સમેન્ટ કાયદો ૨૦૦૨ ના કાયદા ૮(૬) / ૬(૨) / ૯(૧) મુજબ આ નોટીસ ઉધારકર્તા તેમજ જામીનકર્તાને પણ લાગુ પડે છે. (૧૨) ખરીદનારે હરાજીમાં તેમની મનગમતી જગ્યાએથી ભાગ લઈ શકશે. પરંતુ ઈન્ટરનેટ કનેકટીવીટી, નેટવર્ક પ્રોબ્લેમ સિસ્ટમ કેશ ડાઉન, પાવર ફેઈલીયર વગેરે માટે બેંક જવાબદાર રહેશે નહીં. (૧૩) ઈચ્છુક બિડરોએ મિલકત પરના કોઈપણ દાવા, ચાર્જ અને બેંકોના ચાર્જ સિવાયના કોઈપણ ઓથોરિટીના બોજા અંગે સમજણપૂર્વક પૂછપરછ કરવી જોઈએ અને તેમની બિડ સુપ્રત કરતા પહેલા મિલકતના શીર્ષક, હદ, ગુણવત્તા અને જથ્થા વિશે પોતાને સંતુષ્ટ કરવા જોઈએ. (૧૪) જો ઉધાર લેનાર બેંકોને વેચાણની તારીખ અગાઉ સંપૂર્ણ ચૂકવી કરે તો હરાજી સ્થગિત / રદ / મુલત્વી રાખવા માટે જવાબદાર છે. (૧૫) ઉપરોકત હરાજી સિકયુરીટી ઈન્ટરેસ્ટ એન્ફોર્સમેન્ટ કાયદા ૨૦૦૨ તેમજ ભારત સરકારની માહીતી તળે આયોજન કરવામાં આવેલ છે. (૧૬) સંયુકત લૉટની ઓફરને પ્રાથમીકતા આપવામાં આવશે. અને ફકત પ્લાન્ટ અને મશીનરીના વેચાણની બીડ ત્યારે જ સ્વીકારવામાં આવશે જો જમીન અને મકાન માટે કોઈ બીડ નહીં આવી હોય તો. (૧૭) **બીડની રકમ ઉપરના હરાજી રકમ કરતા વધારે હોવી જોઈએ. ટેન્ડરમાં દર્શાવેલ રકમ રીઝર્વ પ્રાઈસ કરતા ૧૦૦૦૦/-ના ગુણાંકથી વધારે દર્શાવવી.** (૧૮) જે કોઈપણ લોટની અંતિમ બોલીની રકમ રૂા. ૫૦ લાખ, હરાજી ખરીદનાર, બેંકને અંતિમ ચૂકવણી કરતા સમયે, આવકવેરા કાયદાની કલમ ૧૯૪ આઈએ મુજબ સ્થાવર મિલકતોની વેચાણ કિંમતમાંથી ૧% ટીડીએસ તરીકે કાપવી પડશે અને તેને બેંકના નામે આવકવેરા વિભાગને મોકલવી પડશે. ભારતનો પાન નંબર **AAACB0472C** ખરીદનાર અન્ય તમામ લાગુ પડતા સ્ટેચ્યુટરી ટેક્સ, લેણાં, નોંધણી ચાર્જ, સ્ટેમ્પ ડ્યુટી, પ્રોપર્ટી ટેક્સ, સોસાયટી ચાર્જ અને અન્ય તમામ સમાન ચાર્જ વગેરે પણ સહન કરશે. (૧૯) અંગ્રેજીમાંથી ગુજરાતીમાં અનુવાદ કરતી વખતે ગુજરાતી રૂપાંતરીતમાં જો કોઈ ક્ષતી જણાય તો અંગ્રેજી અનુવાદ માન્ય રહેશે. (૨૦) **બિડર્સને ઈ-હરાજીના દિવસે ઓનલાઈન બિડ સબમિટ કરતી વખતે સાવધાની રાખવાની સલાહ આપવામાં આવે છે. કોઈપણ સંજોગોમાં, એકવાર બિડ સબમિટ થઈ જાય પછી બિડર(ઓ) સબમિટ કરેલી રકમ માટે બંધાયેલા છે / છે અને કોઈપણ વિનંતી / સંચારને ધ્યાનમાં લેવામાં આવશે નહીં.** (૨૧) ધ રજીસ્ટ્રેશન (ગુજરાત સુધારો) અધિનિયમ, ૨૦૧૮ મુજબ વેચાણ પ્રમાણપત્ર વેચાણખતના બદલામાં નોંધાયેલું રહેશે. (૨૨) મિલકતનું નિરીક્ષણ માત્ર બેંક હેઠળ પ્રત્યક્ષ કબજામાં રહેલ મિલકત માટે જ ઉપલબ્ધ રહેશે. (૨૩) લાગુ પડતી બિડની રકમ ઉપરનો જીએસટી વેરા સફળ ખરીદનાર દ્વારા વહન કરવામાં આવશે.

સરફેસી એક્ટ ૨૦૦૨ તથા તેની અંતર્ગત નિયમો હેઠળ ૧૫ દિવસની વેચાણ નોટીસ

ઉપરોકત જણાવ્યા મુજબના ઋણકર્તા / જામીનદાર કલમ ૧૩(૨) ની નોટીસમાં જણાવ્યા મુજબની રકમ હરાજીની તારીખ પહેલ પૂરે પૂરી જમા કરાવી દેવી, જેમાં નિષ્ફળ થવાથી મિલકતની હરાજી /વેચાણ કરવામાં આવશે, અને પછી કઈ પણ લેણુ રહેશે તો તે ઋણકર્તાઓ /ગેરંટર પાસેથી વ્યાજ સાથે વસુલ કરવામાં આવશે.

તારીખ : ૨૨.૧૦.૨૦૨૬, સ્થળ : અમદાવાદ

સહી/- અધિકૃત અધિકારી, બેંક ઓફ ઈન્ડિયા